# ભારતે લાહોરની એર ડિફેન્સ સિસ્ટમ નષ્ટ કરી

**પશ્ચિમ** અને ઉત્તર ભારત સહિત અનેક સ્થળે પાકિસ્તાની લશ્કરે હુમલાના પ્રયાસો કર્યા

**આ** હુમલાઓને હવાઇ સંરક્ષણ પ્રણાલીઓ દ્વારા નિષ્ફળ બનાવાયા

**લાહોરમાં** પાકિસ્તાનની ચીની બનાવટની હવાઇ સંરક્ષણ પ્રણાલિનો નાશ કરવામાં આવ્યો

**૧૫** ભારતીય શહેરોને નિશાન બનાવવાના પાકિસ્તાનના પ્રયાસો નિષ્ફળ બનાવાયાં

નવી દિલ્હી, તા. ૮(પીટીઆઇ): ભારતીય સશસ્ત્ર દળોએ ગઈકાલે રાત્રે ઉત્તર અને પશ્ચિમ ભારતમાં ડ્રોન અને મિસાઈલનો ઉપયોગ કરીને પાકિસ્તાની સૈન્ય દ્વારા અનેક લશ્કરી લક્ષ્યોને નિશાન બનાવવાના પ્રયાસોને નિષ્ફળ બનાવ્યા હતા અને લાહોરમાં એક પાકિસ્તાની હવાઈ સંરક્ષણ પ્રણાલીનો નાશ કર્યો હતો એમ અધિકારીઓએ ગુરુવારે જણાવ્યું હતું.



» પંજાબના અમૃતસર જિલ્લામાં 'ઓપરેશન સિંદૂર' ના પગલે ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ વચ્ચે માખન વિંદી ગામમાં ખુલ્લા મેદાનમાં ધાતુના કાટમાળ પાસે પોલીસ કર્મચારીઓ અને અન્ય લોકો ઊભા છે. ગુરુવારે અમૃતસર જિલ્લાના એક ગામમાં કેટલાક સ્થળોએ ધાતુના કાટમાળ વિખેરાયેલા મળી આવ્યા હતા, કેટલાક સ્થાનિક લોકોએ તે પાકિસ્તાની મિસાઇલના ભાગો હોવાનો દાવો કર્યો હતો.

## ઓપરેશન સિંદૂર બાદ લાહોરમાં વિસ્ફોટ

ઇસ્લામાબાદ, તા. ૮: પાકિસ્તાની આતંકવાદી ઠેકાણાંઓ પર ભારતીય સેના દ્વારા ચલાવવામાં આવેલા ઓપરેશન સિંદૂર બાદ ગુરુવારે લાહોરમાં વિસ્ફોટ જેવો અવાજ સંભળાયાના અહેવાલો છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, વોલ્ટન એરપોર્ટ નજીક અનેક વિસ્ફોટોનો અવાજ સંભળાયો હતો. જોકે, આ અંગે હજી સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, પાકિસ્તાની તપાસ એજન્સીઓ વિસ્ફોટ પાછળનું કારણ શોધવાનો પ્રયાસ કરી રહી છે. લાહોરમાં આ વિસ્ફોટનો અવાજ એવા સમયે સંભળાયો જ્યારે ભારતે બુધવારે વહેલી સવારે પાકિસ્તાનમાં નવ આતંકવાદી ઠેકાણાંઓ પર હુમલો કર્યો હતો, જેમાં ઘણા આતંકવાદીઓ માર્યા ગયા હોવાના અહેવાલ છે. આ અંગે સમગ્ર પાકિસ્તાનમાં હાઇ એલર્ટ છે. ભારતની કાર્યવાહી બાદ પાકિસ્તાને બદલો લેવાની વાત કરી છે. જોકે, પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાને એક નિવેદનમાં કહ્યું છે કે, જો ભારત પીછેહઠ કરે છે તો પાકિસ્તાન પણ પીછેહઠ કરવા તૈયાર છે. આ નિવેદનથી સ્પષ્ટ થાય છે કે, પાકિસ્તાન ડરી ગયું છે અને તે પોતે ઇચ્છે છે કે ભારત સાથે તેનો સંઘર્ષ ન વધે. ભારત સરકાર અને સુરક્ષા દળો સમગ્ર પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે.

પાકિસ્તાની સૈન્યએ અવંતીપુરા, શ્રીનગર, જમ્મુ, પઠાણકોટ, અમૃતસર, કપૂરથલા, જલંધર, લુધિયાણા, આદમપુર, ભટિંડા, ચંદીગઢ, નાલ, ફલોદી, ઉત્તરલાઈ અને ભૂજને નિશાન બનાવવાનો પ્રયાસ કર્યો હતો, એમ તેમણે જણાવ્યું હતું. સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે, આ હુમલાઓને ઈન્ટિગ્રેટેડ કાઉન્ટર અનમેન્ડ એરક્રાફ્ટ સિસ્ટમ (ગ્રીડ અને હવાઈ સંરક્ષણ પ્રણાલીઓ) દ્વારા નિષ્ક્રિય કરવામાં આવ્યા હતા. આ હુમલાઓનો કાટમાળ હવે ઘણા સ્થળોએથી મળી રહ્યો છે જે પાકિસ્તાની હુમલાઓને સાબિત કરે છે એમ તેમાં કહેવામાં આવ્યું છે. આજે સવારે ભારતીય સશસ્ત્ર દળોએ પાકિસ્તાનમાં અનેક સ્થળોએ હવાઈ સંરક્ષણ રડાર અને સિસ્ટમોને નિશાન બનાવ્યા હતા. ભારતીય પ્રતિક્રિયા પાકિસ્તાન જેટલી જ તીવ્રતા સાથે રહી છે એમ મંત્રાલયે એક રીડઆઉટમાં જણાવ્યું હતું. ભારતીય સંરક્ષણ દળોએ પાકિસ્તાનના અનેક રેડાર અને સિસ્ટમોને નિષ્ફળ બનાવ્યા હતા એમ પણ જણાવાયુ હતું.

વિશ્વસનીય રીતે જાણવા મળ્યું છે કે લાહોરમાં એક હવાઈ સંરક્ષણ પ્રણાલીને નિષ્ક્રિય કરવામાં આવી છે એમ તેમાં કહેવામાં આવ્યું છે. મંત્રાલયે જણાવ્યું હતું કે પાકિસ્તાને જમ્મુ અને કાશ્મીરના કુપવાડા, બારામુલ્લા, ઉરી, પૂંછ, મેંધાર અને રાજૌરી સેક્ટરના વિસ્તારોમાં મોર્ટાર અને ભારે કેલિબર આર્ટિલરીનો ઉપયોગ કરીને નિયંત્રણ રેખા પર તેના ઉશ્કેરણી વિનાના ગોળીબારની તીવ્રતા વધારી દીધી છે. પાકિસ્તાની ગોળીબારને કારણે ત્રણ મહિલાઓ અને પાંચ બાળકો સહિત સોળ નિર્દોષ લોકોના જીવ ગયા છે એમ મંત્રાલયે જણાવ્યું હતું.



## રોબર્ટ પ્રિવોસ્ટ નવા પોપ: લીઓ-૧૪ નામ ધારણ કર્યું

વેટિકન સિટી, તા. ૮(એપી): રોબર્ટ પ્રિવોસ્ટ નવા પોપ તરીકે ચૂંટાયા છે. તેઓ એક મિશનરી છે જેમણે પેરુમાં મિશનરી કાર્યો કરવામાં પોતાની કારકિર્દી વીતાવી છે. તેઓ કેથોલિક ચર્ચના ૨૦૦૦ વર્ષનકા ઇતિહાસમાં પોપ બનનાર પ્રથમ અમેરિકન છે.

જેઓ ઓગસ્ટીયન રિલિજિયસ ઓર્ડરના સભ્ય છે તેવા ૬૯ વર્ષના પ્રિવોસ્ટે પોતાનું પોપ તરીકેનું નામ લિઓ-૧૪ ધારણ કર્યું છે. કોઇ અમેરિકન વ્યક્તિ પોપ બને તે સામે કેટલાકને અમેરિકાની ભૂરાજકીય શક્તિને કારણે વાંધો હતો પરંતુ પરંતુ શિકાગોના વતની એવા પ્રીવોસ્ટ, દેખીતી રીતે લાયક ઠર્યા કારણ કે તે પેરુના નાગરિક પણ છે અને વર્ષો સુધી પેરુમાં રહ્યો. પહેલા મિશનરી તરીકે અને પછી આર્કબિશપ તરીકે તેઓ પેરૂ દેશમાં રહી ચુક્યા છે.

## સરકારે ઓટીટી પ્લેટફોર્મને પાકિસ્તાનમાં નિર્મિત કન્ટેન્ટની સ્ટ્રીમિંગ બંધ કરવાની સલાહ આપી

નવી દિલ્હી, તા. 8 (પીટીઆઇ): પાકિસ્તાન સાથે વધતા તણાવ વચ્ચે સરકારે ગુરુવારે ભારતમાં કાર્યરત ઓટીટી પ્લેટફોર્મ અને સોશિયલ મીડિયા મધ્યસ્થીઓને વેબ-સિરીઝ, ફિલ્મો અને પોડકાસ્ટ સહિત પાકિસ્તાનમાં નિર્મિત કન્ટેન્ટની સ્ટ્રીમિંગ તાત્કાલિક અસરથી બંધ કરવાની સલાહ આપી છે. માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા આ સલાહ 22 એપ્રિલના રોજ પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાનો બદલો લેવા માટે ભારતીય સશસ્ત્ર દળો દ્વારા પાકિસ્તાનમાં આતંકવાદી સ્થળો પર કરવામાં આવેલા હુમલાને પગલે આપવામાં આવી છે. મંત્રાલય દ્વારા જારી કરાયેલી સલાહમાં જણાવાયું છે કે, ''રાષ્ટ્રીય સુરક્ષાના હિતમાં ભારતમાં કાર્યરત તમામ ઓટીટી પ્લેટફોર્મ, મીડિયા સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ અને મધ્યસ્થીઓને સલાહ આપવામાં આવે છે કે તેઓ વેબ-સિરીઝ, ફિલ્મો, ગીતો, પોડકાસ્ટ અને અન્ય સ્ટ્રીમિંગ મીડિયા સામગ્રી તાત્કાલિક અસરથી બંધ કરી દે. પછી ભલે તે સબ્સ્ક્રિપ્શન આધારિત મોડેલ પર ઉપલબ્ધ હોય કે અન્યથા, તેની ઉત્પત્તિ પાકિસ્તાનમાં થઈ હોય.''

**ધર્મશાળામાં બ્લેકઆઉટને કારણે પીબીકેએસ-ડીસી મુકાબલો રદ**

## આઈપીએલ ચાલુ રહેવા પર શંકા

**વિદેશી** ખેલાડીઓ દ્વારા ઉઠાવવામાં આવેલી સુરક્ષા ચિંતાઓ વચ્ચે બીસીસીઆઈની બેઠક

ધર્મશાળા, તા. 8 (પીટીઆઇ)

પડોશી શહેરો જમ્મુ અને પઠાણકોટમાં હવાઈ હુમલાની ચેતવણીને કારણે ગુરુવારે અહીં પંજાબ કિંગ્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચેની આઈપીએલ મેચ અધવચ્ચે જ રદ કરવામાં આવી હતી, જેના કારણે પાકિસ્તાન સાથે ભારતના ચાલી રહેલા લશ્કરી સંઘર્ષને કારણે સમગ્ર લીગ રદ થવાનું જોખમ ઊભું થયું છે.

પંજાબ ટીમે 10.1 ઓવરમાં 1 વિકેટે 122 રન બનાવ્યા હતા, જ્યારે લાઇટ્સ બંધ થઈ ગઈ હતી, જે શરૂઆતમાં ફ્લડલાઇટ નિષ્ફળતાને કારણે જવાબદાર માનવામાં આવી હતી. વરસાદને કારણે રમત નિર્ધારિત સમય કરતાં મોડી શરૂ થઈ હતી અને પછી પહાડી શહેરમાં અંધારું થઈ ગયું હતું.

ટીમો અને દર્શકોને તેમની સુરક્ષા માટે આખરે સ્ટેડિયમમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. અહીંના મનોહર મેદાનની ક્ષમતા આશરે 23,000 છે અને ખાલી કરાવવા સમયે તે લગભગ 80 ટકા ભરેલું હતું.

હિમાચલ પ્રદેશ ક્રિકેટ એસોસિએશન (એચપીસીએ)નાં સૂત્રોએ જણાવ્યું હતું કે, ''દર્શકોમાં કોઈ ગભરાટ નહોતો. તેમને (દર્શકો અને ખેલાડીઓ) સ્ટેડિયમની બહાર ખૂબ જ કાળજીપૂર્વક અને સુરક્ષિત રીતે લઈ જવામાં આવ્યા હતા.''

સ્ટેડિયમની બહાર નીકળતી વખતે ઘણા લોકોએ પાકિસ્તાન વિરોધી સૂત્રોચ્ચાર કર્યા હતા.

પ્રભસિમરન સિંહ 28 બોલમાં 50 રન બનાવી અણનમ હતો, જ્યારે તેમના ઓપનિંગ પાર્ટનર પ્રિયાંશ આર્ય 34 બોલમાં 70 રન બનાવીને ઝડપી બોલર ટી નટરાજનના હાથે આઉટ થયા પહેલા રમત અટકાવી દેવામાં આવી હતી.

બંને ટીમોના ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફને હવે પઠાણકોટથી એક ખાસ ટ્રેનમાં દિલ્હી લાવવામાં આવશે, જે ધર્મશાળાથી લગભગ 85 કિમી દૂર છે. ટીમો રોડ માર્ગે પઠાણકોટ પહોંચશે.

આજની રાતની મેચ રદ થતાં લીગ આગળ વધશે કે કેમ તે સ્પષ્ટ નથી અને એવું જાણવા મળ્યું છે કે ભાગ લેનારા વિદેશી ખેલાડીઓ દ્વારા ઉઠાવવામાં આવેલી સુરક્ષા ચિંતાઓ વચ્ચે હાલમાં બીસીસીઆઈની બેઠક ચાલી રહી છે.

**ઓપરેશન સિંદૂરમાં પાકિસ્તાનમાં ઓછામાં ઓછા 100 આતંકવાદીઓ માર્યા ગયા: સર્વપક્ષીય બેઠકમાં સરકારે માહિતી આપી**

## ઓપરેશન સિંદૂર હજી ચાલુ છે: રાજનાથ

**સંરક્ષણ** મંત્રી રાજનાથ સિંહે તમામ પક્ષોના નેતાઓને ઓપરેશન સિંદુરની માહિતી આપી

**તમામ** પક્ષોએ આ અભિયાનમાં સરકારને ટેકો જાહેર કર્યો, રાહુલ ગાંધી સહિતના નેતાઓએ સંસદનું ખાસ સત્ર બોલાવવાનું સૂચન કર્યુ

નવી દિલ્હી, તા. 8 (પીટીઆઇ): સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે ગુરુવારે એક સર્વપક્ષીય બેઠકમાં જણાવ્યું હતું કે, 'ઓપરેશન સિંદૂર' હેઠળ પાકિસ્તાન અને પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરમાં આતંકવાદી સ્થળો પર ભારતીય હુમલામાં ઓછામાં ઓછા 100 આતંકવાદીઓ માર્યા ગયા હતા. એમ સૂત્રોએ જણાવ્યું હતું. રાજનાથે માહિતી આપી કે ઓપરેશન સિંદૂર હજી જારી છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે, સંરક્ષણ મંત્રીએ નેતાઓને એ પણ માહિતી આપી હતી કે, આ ઓપરેશન જારી છે અને જો પાકિસ્તાન ભારતના લક્ષ્યાંકિત હુમલાના પગલે હુમલો કરશે તો ભારત જવાબી કાર્યવાહી કરશે. સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ બેઠક પછી પત્રકારોને જણાવ્યું હતું કે, આ મુદ્દા પર વ્યાપક રાજકીય સર્વસંમતિ બનાવવા માટે આ બેઠક બોલાવવામાં આવી હતી અને નેતાઓએ પરિપક્વતા બતાવી અને કોઈ પણ પ્રકારનો વાદવિવાદ કર્યો ન હતો. આ નેતાઓએ રાષ્ટ્રીય સુરક્ષા અને તમામ ભારતીયોની સલામતીના મુદ્દા પર તેમની ચિંતાઓ પણ શેર કરી હતી. ખાસ કરીને સરહદી વિસ્તારોમાં, પરંતુ સંપૂર્ણ સમર્થન આપ્યું અને કહ્યું હતું કે આતંકવાદ સામેની આ લડાઈમાં રાષ્ટ્ર એકજુટ થયું છે. રિજિજુએ કહ્યું, ''સમગ્ર રાષ્ટ્ર સરકાર અને સશસ્ત્ર દળો સાથે એકજુટ છે.'' આ બેઠકમાં વિપક્ષી પક્ષો લશ્કરી કાર્યવાહીમાં સરકારને ટેકો આપતા અને સશસ્ત્ર દળોની પ્રશંસા કરતા જોવા મળ્યા હતા. બેઠકની અધ્યક્ષતા કરતા, સિંહે તેમના બ્રીફિંગમાં અને પછી વિવિધ પક્ષોના નેતાઓ દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દાઓનો જવાબ આપતા કહ્યું કે ભારત તણાવ વધારવા માંગતું નથી પરંતુ જો હુમલો કરવામાં આવે તો પાકિસ્તાનને યોગ્ય જવાબ આપશે, સૂત્રોએ ઉમેર્યું. કટોકટીની આ ક્ષણમાં, અમે સરકારની સાથે છીએ એમ કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ બેઠક પછી પત્રકારોને જણાવ્યું હતું. આ મંતવ્ય તેમના પક્ષના સાથી અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી દ્વારા પુનરાવર્તિત કરવામાં આવ્યું અને અન્ય ઘણા વિપક્ષી નેતાઓ દ્વારા પણ તેનો પડઘો પાડવામાં આવ્યો હતો.

સિંહે નોંધ્યું કે તે એક ઉભરતી અને વિકસતી પરિસ્થિતિ છે. તેમણે ચાલુ ભારતીય કાર્યવાહીની વિગતોના ઉંડાણમાં જવાનો ઈનકાર કર્યો હતો. ખડગેએ કહ્યું, સંરક્ષણ મંત્રીએ કહ્યું કે આ એક સંવેદનશીલ સમય છે અને દેશના હિતમાં, સંરક્ષણ રહસ્યો સંબંધિત વિગતવાર પ્રશ્નો પૂછવા યોગ્ય નથી. જોકે, કોંગ્રેસના વડાએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સર્વપક્ષીય બેઠકમાં હાજરી ન આપવા બદલ નિરાશા વ્યક્ત કરી.

## પાકિસ્તાન કહે છે: ભારતના ડ્રોન હુમલાઓમાં અમારા ત્રણ નાગરિકોના મોત

**ચાર** સૈનિકો સહિત આઠને ઇજા થઇ હોવાનું જણાવ્યું

**ભારતના** અનેક ડ્રોન હુમલા નિષ્ફળ બનાવાયા હોવાનો દાવો

ઈસ્લામાબાદ, લાહોર, તા. ૮(પીટીઆઇ): પાકિસ્તાની લશ્કરે જણાવ્યું છે કે તેના ડ્રોન હુમલાઓમાં ત્રણ વ્યક્તિઓનાં મોત થયા છે તથા ચાર સૈનિકો સહિત અન્ય આઠને ઈજા થઈ છે. અને દાવો કર્યો હતો કે સશસ્ત્ર દળોએ ભારત દ્વા લોન્ચ કરવામાં આવેલા ઘણા યુએવી તોડી પાડ્યા છે. સેનાના પ્રવક્તા લેફ્ટનન્ટ જનરલ અહેમદ શરીફ ચૌધરી સાથે એક પત્રકાર પરિષદને સંબોધતા, નાયબ વડા પ્રધાન/વિદેશ પ્રધાન ઈશાક ડારે ભારત પર અનેક ડ્રોનથી પાકિસ્તાન પર હુમલો કરવાનો આરોપ લગાવ્યો. તેમણે કહ્યું કે પાકિસ્તાને અત્યાર સુધી પોતાનો પ્રતિભાવ મર્યાદિત રાખ્યો છે. જો કે, તેમણે ચેતવણી આપી હતી કે પાકિસ્તાન જવાબ આપવાનો પોતાનો અધિકાર અનામત રાખે છે.

લેફ્ટનન્ટ જનરલ ચૌધરીએ દાવો કર્યો હતો કે લાહોર, ગુજરાંવાલા, ચકવાલ, બહાવલપુર, મિયાનો, કરાચી, છોર, રાવલપિંડી અને અટોકમાં ડ્રોનને ન્યુટ્રલ કરવામાં આવ્યા હતા. તેમણે દાવો કર્યો હતો કે પાકિસ્તાની સેનાના સોફ્ટ કિલ (ટેકનિકલ) અને હાર્ડ કિલ (શસ્ત્રો) દ્વારા ઈઝરાયલી બનાવટના 29 હારોપ ડ્રોનને નિષ્ફળ કરવામાં આવ્યા હતા. ડારે દાવો કર્યો હતો કે એક ડ્રોને રાવલપિંડી ક્રિકેટ સ્ટેડિયમને નિશાન બનાવ્યું હતું. એક અધિકારીએ પીટીઆઈને જણાવ્યું હતું કે ઓછામાં ઓછા ચાર ડ્રોન લાહોર કેન્ટોનમેન્ટ વિસ્તારમાં ત્રાટક્યા હતા. લાહોરમાં અમેરિકી કોન્સ્યુલેટે ગુરુવારે સિક્યુરિટી એલર્ટ જારી કરી હતી.

## ઓપરેશન સિંદુર પછી પાકિસ્તાનના શેરબજારમાં કડાકો: ટ્રેડિંગ અટકાવી દેવું પડ્યું

**તેના** મહત્વના ઇન્ડેક્સ કેએસઇ-૩૦માં ૭.૩ ટકાનો જંગી ઘટાડો થયો, ટ્રેડિંગ હંગામી રીતે અટકાવી દેવું પડ્યું

**હાલમાં** થોડા સુધરેલા પાકિસ્તાની શેરબજારને મોટો આંચકો ખમવો પડ્યો

**મુંબઈ, તા. 8:** ભારતીય સેનાના ઓપરેશન સિંદૂર બાદ પાકિસ્તાન શેરબજારમાં આજરોજ ભારે ઘટાડો જોવાયો હતો. આ ઘટાડાને કારણે કરાચી શેરબજારના મુખ્ય ઈન્ડેક્સ કેએસઈ 30માં 7.2 ટકાનો મોટો ઘટાડો નોંધાયો હતો, જે બાદ ત્યાં ટ્રેડિંગ અસ્થાયી રૂપે બંધ કરી દેવામાં આવ્યું હતું. આ સતત બીજો દિવસ છે જ્યારે પાકિસ્તાની શેરબજારમાં આટલો મોટો ઘટાડો જોવા મળ્યો છે.

બીજું બાજું, ભારત અને પાકિસ્તાનનો કેએસઈ 100 ઈન્ડેક્સ પણ 5 ટકાથી વધુ એટલે કે આશરે 6000 પોઈન્ટના ઘટાડા સાથે 104087 પોઈન્ટની આસપાસ ટ્રેડ થઈ રહ્યો હતો. પાકિસ્તાનના રોકાણકારો હવે આંતરરાષ્ટ્રીય મુદ્રા કોષ-આઈએમએફ તરફથી સંભવિત ભંડોળના નિર્ણયની રાહ જોઈ રહ્યા છે, જે ગુરૂવારે આવવાની સંભાવના છે. ગત વર્ષે, પાકિસ્તાનના શેરબજારે છેલ્લા 22 વર્ષમાં તેનું શ્રેષ્ઠ પ્રદર્શન કર્યુ હતું. જેના કારણે પાકિસ્તાનમાં વૈશ્વિક રોકાણકારોનો રસ ફરી જાગ્યો હતો. બ્લેકરોજ અને ઈટન વેન્સ જેવી મોટી એસેટ મેનેજમેન્ટ કંપનીઓએ પાકિસ્તાની શેરબજારમાં રોકાણ વધાર્યુ હતું.

## બોલિવૂડ ફિલ્મ-નિર્માતાઓ અને કલાકારો ઓપરેશન સિંદૂર સંબંધિત ટાઈટલ મેળવવા માટે કતારમાં

**'ઓપરેશન** સિંદૂર' ટાઇટલ માટે ફિલ્મ-નિર્માતાઓએ ફક્ત બે દિવસમાં 30થી વધુ અરજીઓ સબમિટ કરી

મુંબઈ, તા. 8 (પીટીઆઇ): 'ઓપરેશન સિંદૂર', 'મિશન સિંદૂર' અને 'સિંદૂર: ધ રીવેન્જ'... બોલિવૂડ ફિલ્મ-નિર્માતાઓ અને કલાકારો પાકિસ્તાનમાં ભારતના લશ્કરી હુમલાના કોડનેમથી પ્રેરિત ફિલ્મોના ટાઇટલ નોંધણી કરાવવા માટે કતારમાં ઊભા છે. તેઓએ ફક્ત બે દિવસમાં 30થી વધુ અરજીઓ સબમિટ કરી છે.

જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં આતંકવાદીઓ દ્વારા 26 લોકોની નિર્મમ હત્યાના બે અઠવાડિયા પછી ભારતે બુધવારે વહેલી સવારે 'ઓપરેશન સિંદૂર' હેઠળ પાકિસ્તાન અને પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં આતંકવાદી સ્થળો પર લક્ષિત હુમલાઓ કર્યા હતા.

હુમલા બાદ ઈન્ડિયન મોશન પિક્ચર પ્રોડ્યુસર્સ એસોસિએશન (આઈએમપીપીએ), ઈન્ડિયન ફિલ્મ એન્ડ ટેલિવિઝન પ્રોડ્યુસર્સ કાઉન્સિલ (આઈએફટીપીસી) અને વેસ્ટર્ન ઈન્ડિયા ફિલ્મ પ્રોડ્યુસર્સ એસોસિએશન (ડબ્લ્યુઆઈએફપીએ)એ ઓપરેશન સિંદૂર સંબંધિત ફિલ્મ ટાઇટલ નોંધણી માટે અરજીઓમાં વધારો જોયો છે.

## રિલાયન્સે ઓપરેશન સિંદૂર ટ્રેડમાર્ક અરજી પાછી ખેંચી લીધી, કહ્યું કે, તે અજાણતામાં દાખલ કરવામાં આવી હતી

નવી દિલ્હી, તા. 8 (પીટીઆઈ) : રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડે 'ઓપરેશન સિંદૂર' શબ્દ માટે તેની ટ્રેડમાર્ક અરજી પાછી ખેંચી લીધી છે - જે પાકિસ્તાનમાં ભારતના લશ્કરી હુમલાઓનું કોડનેમ છે - અને જણાવ્યું છે કે તે અજાણતામાં એક જુનિયર કર્મચારી દ્વારા પરવાનગી વિના દાખલ કરવામાં આવી હતી. એક નિવેદનમાં રિલાયન્સે જણાવ્યું હતું કે, ''તેનો 'ઓપરેશન સિંદૂર'ને ટ્રેડમાર્ક કરવાનો કોઈ ઈરાદો નથી, જે એક વાક્ય છે જે હવે ભારતીય બહાદૂરીના એક પ્રેરક પ્રતીક તરીકે રાષ્ટ્રીય ચેતનાનો એક ભાગ છે.'' નિવેદનમાં જણાવ્યું હતું કે, ''રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના એકમ, જિયો સ્ટુડિયોએ તેની ટ્રેડમાર્ક અરજી પાછી ખેંચી લીધી છે.

## બિહારમાં 12 બાળકોનું નામ 'સિંદૂર' રાખવામાં આવ્યું, જ્યારે બાળકીનું નામ 'સિંદૂરી'

મુઝફ્ફરપુર, તા. 8: પાકિસ્તાન વિરુદ્ધ 'ઓપરેશન સિંદૂર'ની રાત્રે બિહારના મુઝફ્ફરપુરમાં જન્મેલા 12 નવજાત બાળકોનું નામ તેમના પરિવારોએ 'સિંદૂર' રાખ્યું છે. જ્યારે કટિહારનો પરિવાર તેમની પુત્રીને 'સિંદૂરી' કહેશે.

પહેલગામ હુમલાનો બદલો લેવા માટે ભારતે 6-7 મેની રાત્રે પાકિસ્તાન પર હવાઈ હુમલો કર્યો હતો. તેને 'ઓપરેશન સિંદૂર' નામ આપવામાં આવ્યું છે.

કટિહારમાં જન્મેલી બાળકીનો પરિવાર કહે છે, ''પાકિસ્તાન પર હુમલો અને એક જ દિવસે પુત્રી 'સિંદૂરી'ના જન્મથી તેઓ બધા ખૂબ ખુશ છે.''

કટિહારમાં બાળકીની માતા રાખી કુમારીએ કહ્યું- ''બે ખુશીઓ એક સાથે આવી છે. ઘરે દીકરીનો જન્મ અને પાકિસ્તાન પર હુમલો. હું મારી દીકરીને સેનામાં મોકલીશ, જેથી તે દેશની સેવા કરી શકે.''

મુઝફ્ફરપુરના બોચાહા બ્લોકના કાન્હારાના રહેવાસી હિમાંશુ રાજે પોતાની બહેનની દીકરીનું નામ 'સિંદૂર' રાખ્યું છે. તેઓ દર વર્ષે તેમની પુત્રીના જન્મદિવસ સાથે ઓપરેશન સિંદૂરની પણ ઉજવણી કરશે.

## ઉત્તરાખંડમાં ગંગોત્રી જઈ રહેલું હેલિકોપ્ટર તૂટી પડતા છનાં મોત

**હેલિકોપ્ટરમાં** સવાર ત્રણ લોકો મુંબઈના, બે આંધ્ર પ્રદેશના અને એક-એક ઉત્તર પ્રદેશ અને ગુજરાતના હતા

ઉત્તરકાશી (યુકેડી), તા. 8 (પીટીઆઈ): ગુરુવારે ઉત્તરકાશી જિલ્લાના ગંગનાની નજીક ગંગોત્રી મંદિર જઈ રહેલું હેલિકોપ્ટર ક્રેશ થતાં પાઈલટ સહિત છ લોકોનાં મોત થયાં હતાં અને એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થઈ હતી. એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

મૃતકોમાં પાંચ મહિલા યાત્રાળુઓનો સમાવેશ થાય છે.

રાજ્ય આપત્તિ પ્રતિભાવ દળે જણાવ્યું હતું કે, ખાનગી કંપનીનું હેલિકોપ્ટર, જેમાં સાત લોકો સવાર હતા, સવારે લગભગ 8:45 વાગ્યે ઋષિકેશ-ગંગોત્રી રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર ક્રેશ થયું હતું અને લગભગ 200-250 મીટર ઊંડી ખીણમાં પડ્યું હતું.

હેલિકોપ્ટર દેહરાદૂનથી સહસ્ત્રધારા હેલિપેડથી ખારસાલી હેલિપેડ માટે રવાના થયું હતું. એક અધિકારીએ જણાવ્યું હતું કે, હેલિકોપ્ટર ત્યાંથી ગંગોત્રી જઈ રહ્યું હતું ત્યારે તે ક્રેશ થયું હતું.

જિલ્લા મેજિસ્ટ્રેટ મેહરબાન સિંહ બિષ્ટે જણાવ્યું હતું કે છ લોકોનાં ઘટનાસ્થળે જ મોત થયાં હતાં. હેલિકોપ્ટરમાં સવાર એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થઈ હતી અને તેની ઓળખ આંધ્ર પ્રદેશના એમ. ભાસ્કર (51) તરીકે થઈ છે. તેને ઋષિકેશના એઈમ્સમાં એરલિફ્ટ કરવામાં આવ્યો છે.

હેલિકોપ્ટરમાં ત્રણ લોકો મુંબઈના, બે આંધ્ર પ્રદેશના અને એક-એક ઉત્તર પ્રદેશ અને ગુજરાતના હતો.

તા. ૦૮-૦૫-૨૦૨૫નું સુરત શહેરનું **હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૨.૮° સે. | ૨૨.૮° સે. | ૬૫% |

## રાષ્ટ્રપતિએ નોકરીના બદલામાં જમીન પીએમએલએ કેસમાં લાલુ પ્રસાદ સામે કેસ ચલાવવાની મંજૂરી આપી

નવી દિલ્હી, તા. 8 (પીટીઆઇ): રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કથિત રીતે રેલવેમાં નોકરી માટે જમીન કૌભાંડ સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસમાં આરજેડી વડા અને ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન લાલુ પ્રસાદ સામે કેસ ચલાવવાની મંજૂરી આપી છે. એમ સત્તાવાર સૂત્રોએ ગુરુવારે જણાવ્યું હતું.

મુર્મુએ સીઆરપીસીની કલમ 197(1) (ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, 2023ની કલમ 218) હેઠળ ફરજિયાત પરવાનગી આપી છે. એમ સૂત્રોએ જણાવ્યું હતું.

આ કેસની તપાસ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) દ્વારા કરવામાં આવી છે અને ફેડરલ તપાસ એજન્સીએ ગયા વર્ષે ઓગસ્ટમાં બિહારના 76 વર્ષીય ભૂતપૂર્વ મુખ્યમંત્રી, તેમના પુત્ર અને રાજ્યના ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રી તેજસ્વી યાદવ અને પરિવારના અન્ય સભ્યો સામે ચાર્જશીટ દાખલ કરી હતી.

આ પહેલા જાન્યુઆરી 2024માં ઈડીએ પ્રસાદ પરિવારના એક કથિત સહયોગી અમિત કાત્યાલ અને પ્રસાદના પરિવારના અન્ય સભ્યો, જેમાં તેમની પત્ની અને બિહારના ભૂતપૂર્વ મુખ્યમંત્રી રાબડી દેવી, સાંસદ પુત્રી મીસા ભારતી, બીજી પુત્રી હેમા યાદવ અને બે સંકળાયેલી કંપનીઓ - એ કે ઇન્ફોસિસ્ટમ્સ પ્રાઇવેટ લિમિટેડ અને એ બી એક્સપોર્ટ્સ પ્રાઇવેટ લિમિટેડનો સમાવેશ થાય છે, સામે તેની પ્રથમ ચાર્જશીટ દાખલ કરી હતી.

## ટ્રમ્પ બ્રિટન સાથેના આયોજિત વેપાર કરારમાં યુકે ઓટો, સ્ટીલ, એલ્યુમિનિયમ પર ટેરિફમાં ઘટાડો કરવા સંમત થયા

વોશિંગ્ટન, તા. 8 (એપી) : રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ બ્રિટન સાથેના આયોજિત વેપાર કરારમાં યુકેના ઓટો, સ્ટીલ અને એલ્યુમિનિયમ પર ટેરિફ ઘટાડવા સંમત થયા છે, જે વધુ અમેરિકન બીફ ખરીદશે અને યુનાઈટેડ સ્ટેટ્સમાંથી આવતા માલ માટે તેની કસ્ટમ પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરી શકાય.